# પૌત્રને લાડ લડાવવાનો શોખ સમાજસેવા બન્યો !

'સત્યઘટના' આધારીત

–અનિલ દેવપુરકર

વૃદ્ધત્વ એટલે વહાલ વરસાવવાનું વય. વૃદ્ધત્વ એટલે ભલે, ધ્રુજતા અને અશક્ત હાથે; પણ પૌત્ર કે પૌત્રીઓને ઉંચકી લેવાની જીજીવીષા. બોખા મોંએ એમના જેવી જ તોતડી ભાષામાં બોલી એમને કીલકારી કરાવવાનો નીર્દોષ પ્રપંચ એટલે વૃદ્ધત્વ. પણ આ સમાજમાં એવા લાખો વૃદ્ધો છે કે જેઓ એટલા નસીબદાર નથી. પોતાનો એકનો એક દીકરો હોવા છતાં અને એને પણ મઝાનું સુંદર બાળક હોવા છતાં દાદા-દાદી તરીકે પૌત્ર કે પૌત્રી પર વહાલ વરસાવવાનું એમના ભાગ્યમાં નથી હોતું. આ એવી જ એક સત્યઘટના છે.

ગુજરાતના એક મુખ્ય શહેરમાં રહેતું એક શીક્ષક દમ્પતી. તેમણે આપબળે શહેરમાં પોતાની એક શાળા શરુ કરી. જોતજોતામાં એમની શાળા શહેરની સૌથી પ્રતીષ્ઠીત શાળા તરીકે ઓળખાવા માંડી. એમનો પોતાનો એકનો એક દીકરો વીકાસ પણ સ્વાભાવીક રીતે જ એમની શાળામાં ભણતો હતો.

ખુદ સંચાલકનો દીકરો હોવા છતાં વીકાસે અન્ય વીદ્યાર્થીઓની જેમ કડક શીસ્તનું પાલન કરવું પડતું. એટલું જ નહીં, શીક્ષકોને પણ આદેશ હતો કે એને સંચાલકના દીકરા તરીકે નહીં; પરન્તુ એક સામાન્ય વીદ્યાર્થી તરીકે જ જોવો. અલબત્ત, વીકાસ અભ્યાસમાં ઘણો ઉજ્જ્વળ હતો જ. આવા શૈક્ષણીક વાતાવરણ ધરાવતા ઘર-શાળામાં ઉછરીને મોટા થયેલા વીકાસને શૈક્ષણીક ક્ષેત્રે કારકીર્દી ઘડવામાં કોઈ જ રસ નહોતો. સ્વતંત્ર વીચારસરણીને આવકારતા માતા-પીતાએ એના પસંદગીના ક્ષેત્રમાં જવા વીકાસને છુટ આપી. એણે કમ્પ્યુટર સાયન્સમાં ઉચ્ચ અભ્યાસ કર્યો.

પોતાના જ શહેરમાં એક વીદેશી કંપનીની ભારતીય શાખામાં વીકાસ જોડાયો. આ જ કંપનીમાં અન્ય જ્ઞાતીની એક સહકર્મચારીણી યુવતી વલ્લભી સાથે એનો પરીચય થયો અને એ બેની જાણ બહાર એમનો પરીચય મૈત્રી અને ત્યારબાદ પરીણયમાં પરીણમ્યો. વીકાસની સાથે ઘરે આવતી જતી વલ્લભી સંસ્કારી અને શીક્ષીત તો હતી જ; સાથે ગુણીયલ પણ હતી. દીકરામાં આવેલા બદલાવે માતાપીતાને ખ્યાલ તો આપી દીધો હતો કે ક્યારેક તો વીકાસ અને વલ્લભી પોતાના પ્રેમનો એકરાર કરી લગ્નની પરવાનગી માગશે. બન્યું પણ એમ જ. જેવી રીતે વલ્લભી

વીકાસના ઘરે આવતી-જતી એમ વીકાસ પણ વલ્લભીના ઘરે આવતો જતો અને વલ્લભીનાં માતાપીતાને પણ પોતાની દીકરી માટે વીકાસ અત્યન્ત યોગ્ય વર જણાયો હતો. એટલે તેમણે એક દીવસ વીકાસને વીશ્વાસમાં લઈ એનાં માતા-પીતાને મળવાની ઈચ્છા દર્શાવી.

બેઠક ગોઠવાઈ અને એ ઔપચારીક સામાજીક મુલાકાત બન્ને કુટુમ્બો માટે કાયમી સમ્બન્ધ સ્થાપનારી સાબીત થઈ. વલ્લભીનાં માતાપીતાએ વાતચીત દરમીયાન જેવું પોતાની દીકરી માટે વીકાસનું માગું નાખ્યું એ ક્ષણે વીકાસનાં માતા-પીતા એકદમ ચુપ થઈ ગયાં. ઘડીભર તો ઉપસ્થીત તમામને લાગ્યું કે હમણાં વીકાસનાં માતા-પીતા નન્નો ભણશે. વીકાસ અને વલ્લભી ઉંચા જીવે એમના જવાબની રાહ જોતાં હતા. વીકાસના પીતાએ કહ્યું, ‘અમને વીચારવા માટે થોડો સમય આપો.’ તરત જ વલ્લભીના પીતાએ જરા ગભરાતાં ગભરાતાં પુછ્યું, ‘કેટલો...સમય..?’

એના જવાબમાં વીકાસના પીતાએ કહ્યું કે, ‘વીકાસની મા અંદર રસોડામાં જઈ પેંડાનું અમે અગાઉથી જ આણી રાખેલું બોક્સ લઈ આવે એટલો સમય..’ આટલું સાંભળતાં તો કમરામાં ફેલાયેલું ઉત્તેજનાનું ધુમ્મસ ઓગળી ગયું અને ખડખડાટ હાસ્ય ગુંજી ઉઠ્યું. વીકાસ અને વલ્લભીને હાશ થઈ. વીકાસની માતાએ બધાંનું મોં મીઠું કરાવતી વખતે કહ્યું કે અમને તો અંદાજ હતો જ.. અને આજે તમે જ્યારે મળવા આવવાની વાત કરી એટલે અમે સમજી જ ગયાં હતાં.

ખેર, રંગેચંગે વીકાસ અને વલ્લભીનાં લગ્ન લેવાયાં. જોતજોતાંમાં બે વર્ષ નીકળી ગયાં. સેંકડો ભુલકાંઓને પોતાની શાળામાં ભણાવતાં વીકાસતાં માતા-પીતાને થતું કે પોતાના પૌત્ર કે પૌત્રીને એ દાદા-દાદી તરીકે લાડ કરે; પણ વીકાસ અને વલ્લભીનાં સ્વપ્નાં જુદાં જ હતાં. પોતે જે કંપનીમાં જોબ કરતાં હતાં એ જ કંપનીમાં એમણે અમેરીકા ટ્રાન્સફર માગી તેઓ ઈચ્છતાં હતાં કે તેમનું સંતાન અમેરીકા જેવા સમૃદ્ધ અને વીકસીત દેશમાં જન્મે અને ઉછરે. ભારત દેશ હવે રહેવા લાયક નથી અને એક દીવસ બન્ને જણાં માતા-પીતાએ કમને આપેલા આશીર્વાદ લઈ અમેરીકા ઉડી ગયાં. વીકાસનાં માતા-પીતાનાં સ્વપ્ન રોળાઈ ગયાં.

પણ વીધાતાએ કંઈ બીજું જ નીર્માણ કર્યું હતું. બન્યું એમ કે પોતાના બંગલે કામ કરતી અને પાછળના ભાગે સર્વન્ટ ક્વાર્ટરમાં રહેતી કામવાળીબાઈની પુત્રવધુએ દીકરાને જન્મ આપ્યો. બસ, તે દીવસથી વીકાસનાં માતા-પીતાને જાણે કે પોતાનું સ્વપ્ન સાકાર કરવાની તક સાંપડી. આમ પણ કુટુમ્બના સભ્ય જેવા થઈ ગયેલાં કામવાળીબાઈનાં કુટુંબીજનો પણ એ જ બંગલામાં માળીકામ અને ચોકીદારીનું કામ પણ કરતાં. એ આખું કુટુમ્બ આ બંગલા પર જ નભતું હતું.

એમનું બાળક-જીગર જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ એ પણ આ દમ્પતીનો હેવાયો થતો ગયો. દમ્પતીએ પોતાના પૌત્રને માટે જે જે સ્વપ્નો જોયાં હતાં એ સ્વપ્નો તેમણે જીગર વાટે સાકાર કરવા માંડ્યાં. વીકાસને ત્યાં અમેરીકામાં જન્મેલા સગા પૌત્રને એમણે માત્ર મોબાઈલના કે લેપટોપના સ્ક્રીન પર જ વીડીયો ચેટીંગ દરમીયાન જોયો; કારણ એના જન્મ વખતે રુબરુ અમેરીકા જવાની એમની ઈચ્છા વલ્લભીનાં માતા-પીતા ત્યાં દીકરીની ડીલીવરી દરમીયાન એની સંભાળ રાખવા ગયાં હોવાથી શક્ય બન્યું નહીં. આ દમ્પતીએ કામવાળીબાઈના પૌત્ર જીગરને લાડ લડાવીને પોતાની ઈચ્છા પુરી કરી.

જીગરનાં દવા-દારુથી માંડી એનાં રમકડાં અને પછીથી એના શીક્ષણ અંગેની તમામ વ્યવસ્થા અને ખર્ચ આ દમ્પતી કરતું રહ્યું. એટલે સુધી કે પોતાની શાળામાં જ એને પ્રવેશ આપી આ દમ્પતી રોજ પોતે જ્યારે શાળાએ કાર લઈને જાય ત્યારે જીગરને પણ પોતાની સાથે કારમાં લઈ જાય અને સાંજે કારમાં પોતાની સાથે પાછો લાવે એવો રીતસર રીવાજ જ પડી ગયો. ક્યારેક કોઈ કારણસર આ દમ્પતી શાળાએ ન જવાનું હોય તો ખાસ જીગરને મુકવા લેવા ડ્રાઈવર ગાડી લઈને જાય એ પણ સામાન્ય બાબત હતી.

પોતાના સગા પૌત્રને જે લાડકોડથી ઉછેરતાં એટલા જ લાડકોડથી ઉછરી રહેલો જીગર આજે અંગ્રેજી માધ્યમના આઠમા ધોરણમાં ભણે છે અને એના અભ્યાસ માટે બંગલામાં એક અલાયદો કમરો ફાળવવામાં આવ્યો છે. શીક્ષક દમ્પતીનો સગો પૌત્ર અખીલ જ્યારે પણ થોડો સમય માટે અમેરીકાથી આવે છે ત્યારે પણ જીગરને અપાતા મહત્ત્વમાં કોઈ જ ફેર પડતો નથી. ઉલટાનું જીગર અને વીકાસના પુત્ર અખીલ વચ્ચે પણ સારી મૈત્રી છે અને તેઓ પણ નીયમીત વીડીયો ચેટીંગ કરતા હોય છે.

બંગલાના ગાર્ડનમાં હીંચકે ઝુલતાં ઝુલતાં જ્યારે અખીલ અને જીગર કડકડાટ અંગ્રેજીમાં એકબીજા સાથે સંવાદ કરતા હોય છે ત્યારે બાજુમાં જ બાગકામ કરી રહેલા જીગરના પીતા અને દાદીમાના ચહેરા પર લીંપાઈ જતા આશ્ચર્યના ભાવ અને આંખોમાં ઝળુંબતો સંતોષ જાણે એ શીક્ષક દમ્પતીનો મનોમન આભાર માને છે કે જેમણે એ ગરીબ કુટુંબની આગલી પેઢીને કોઈપણ જાતના અંગત સ્વાર્થ વગર ઉજ્જવળ ભવીષ્યના ઉંબરે લાવીને ઉભી કરી દીધી છે.

પુત્ર અને પછી પૌત્રના વીરહને એક દમ્પતીએ ચુપચાપ કરાયેલા સામાજીક ઉત્કર્ષના કૃત્યમાં પલટાવી દીધું.

–અનિલ દેવપુરકર

અમદાવાદથી પ્રકાશીત થતા ‘ટાઈમ્સ ઓફ ઈન્ડીયા’ની ગુજરાતી આવૃત્તી ‘નવગુજરાત સમય’ ( http://epaper.navgujaratsamay.com/ ) દૈનીકમાં લેખકશ્રી અનિલ દેવપુરકરની લોકપ્રીય કૉલમ ‘ચહેરા–મહોરાં’ દર રવીવારીય સપ્તાહીક પુર્તીમાં પ્રકાશીત થાય છે. તેની તા. 20-03-2016ની આવૃત્તીમાંથી, લેખકશ્રી અને ‘નવગુજરાત સમય’ના સૌજન્યથી સાભાર..ઉત્તમ ગજ્જર

લેખકસમ્પર્ક :

**Anil devpurkar**, C-301, Balaji Enclave, Behind Viththalesh Avenue, Swagat Restourent Street, Subhanpura-Gorwa Road-Vadodara-390023

Mobile : + 91 97273 11144  eMail : a.devpurkar@gmail.com

Facebook : https://www.facebook.com/adevpurkar?fref=ts

@@@

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ : બારમું – અંક : 359 – 16 October, 2016

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર uttamgajjar@gmail.com

&&&

More than 3,27,49,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 65,36,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 8,74,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 3,87,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@